ક્રમાંક:જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/
વિતરણ/પોલીસી/૮૭/૦૨
જીઆઇડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા. ૨૯/૦૧/૨૦૧૪

// પરિપત્ર //

વિષય:- નિગમની અનસેચ્યુરેટેડ (Unsaturated) વસાહતોમાં ઉદ્યોગોને કેપ્ટીવ પાર્કિંગ માટે જમીનની ફાળવણી કરવા બાબત.

સંદર્ભ:- તા. ૧૬/૧૨/૨૦૧૩ ના રોજ મળેલ નિગમની ૪૭૫ મી સભામાં મંજૂર થયેલ ઠરાવ ક્રમાંક: ૧૨૪/વિતરણ/૪૭૫/૨૦૧૩

જી.આઈ.ડી.સી દ્વારા સ્થાપિત વિવિધ વસાહતોમાં ઉદ્યોગો તરફથી પાર્કિંગ ના હેતુસર જગ્યા માટે સમયાંતરે દરખાસ્ત મળતી રહે છે. તેથી નિગમની ૪૭૫ મી સભામાં ઠરાવવામાં આવ્યુ કે નિગમની અનસેચ્યુરેટેડ વસાહતોમાં પાર્કિંગ ના હેતુ માટે કોઈ એકમની દરખાસ્ત મળેતો તેને ઉદ્યોગ માટેની આનુષાંગિક સુવિધા ગણી મંજુરી આપી શકાસે.

પાર્કિંગ ના હેતુ માટે એવા પ્લોટ કે જગ્યા જેનો આકાર ઉદ્યોગ સ્થાપવા માટે ઉચિત ના હોય, અથવા તો તે જમીન ખાડા ટેકરા વાળી હોય, અથવા અન્ય કોઈ કારણોસર ઉદ્યોગ સ્થાપવા માટે ઉપયોગી ના હોય, અને માંગણી કરનાર એકમથી વધુ અંતરે ના હોય તેવા પ્લોટ/જગ્યા ફાળવણી માટે યોગ્ય ગણી શકાશે.

પાર્કિંગ ના હેતુસર જમીન ફાળવણીની રજુઆત મળેતો સવાલવાળી જગ્યા બાબતે તાંત્રીકી અભિપ્રાય લેવાનો રહેશે અને દરખાસ્તની ચકાસણી નિગમની વિતરણ અંગેની સ્કીનીંગ કમીટી દ્વારા કરવાની રહેશે તથા ત્યાર બાદ જો જરૂર જણાય તો એકમના કૂલ વિસ્તાર ને ધ્યાને રાખી પ્રમાણસર વિસ્તાર ફાળવી શકાસે. આ પ્રમાણે ઉદ્યોગોને ફક્ત કેપ્ટીવ પાર્કિંગ માટેજ વ્યાજબીપણું ધ્યાને લઈ ઔદ્યોગિક વિતરણ દર કરતા ૧૦% વધારાની રકમ લઈ ફાળવણી કરવાની રહેશે.

આવા પ્રકારની ફાળવણીની મંજૂરી આપવાની સઘળી સત્તા નિગમનાં માન. ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી હસ્તક રહેશે.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી

પ્રતિ,

- નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ તરફ.
- પ્રમુખશ્રી ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન અમદાવાદ......તરફ જાણ સારૂ.
- મેનેજરશ્રી (એસ એન્ડ એ), જીઆઇડીસી, ગાંધીનગર.......નિગમની વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

રવાના કર્યુ
જનરલ મેનેજર (ઈએન્ડએ)